ગાંધીનગર સમાચાર

સંસદના ચોમાસુ સત્રનો તોફાની પ્રારંભ

મોદી સરકાર અને વિરોધ પક્ષ આમને સામને : કુલ ૧૧ નવા બિલ રજૂ થાય તેવી સંભાવના

નવી દિલ્હી,તા. ૨૦

જેના પર તમામ રાજકીય પક્ષો અને સામાન્ય લોકોની નજર કેન્દ્રિત થઇ ગઇ છે તે સંસદનુ મોનસુન સત્ર આવતીકાલથી શરૂ થઇ રહ્યું છે. આ સત્ર આ વખતે ખુબ તોફાની રહે તેવી શક્યતા છે. જીએસટી અને જમીન અધિગ્રહણ બિલ સહિત ચાવીરુપ મુદ્દા છવાયતેવી શક્યતા પણ દેખાઈ રહી છે. જો કે, એવા સંકેત પણ મળ્યા છે કે, સર્વસંમતિ નહીં સધાવાના કારણે જમીન અધિગ્રહણ બિલ રજૂ કરાશે નહીં. તમામ રાજકીય પક્ષો પોતપોતાની વ્યૂહરચના તૈયાર કરી ચુક્યા છે. આજે મોનસુન સત્રના એક દિવસ પહેલા બેઠકોનો દોર ચાલ્યો હતો. જેમાં સંસદીય બાબતોના પ્રધાન વેંકૈયા નાયડુએ એક બેઠક બોલાવી હતી. જ્યારે બીજી બેઠક લોકસભાના અધ્યક્ષ સુમિત્રા મહાજન દ્વારા પણ બોલાવવામાં આવી હતી. કારણ કે હાલમાં વ્યાપમ સહિતના કેટલાક મુદ્દા પર મોદી સરકાર પણ મુશ્કેલી અને ટિકા ટિપ્પણીનો સામનો કરી રહી છે. મોદી સરકાર અને કોંગ્રેસ સહિત તમામ વિરોધ પક્ષો પોત પોતાની વ્યુહરચના તૈયાર કરી ચુક્યા છે. મોનસુન સત્ર દરમિયાન કોંગ્રેસ અને અન્ય વિરોધ પક્ષો વ્યાપમ કૌભાંડ અને લલિત મોદી વિવાદ સહિતના પ્રશ્નોને ઉઠાવીને ભારે હોબાળો મચાવે તેવી શક્યતા દેખાઈ રહી છે. સુષ્મા સ્વરાજ અને સ્મૃતિ ઇરાની જેવા કેન્દ્રીય પ્રધાનોની હકાલપટ્ટીની માંગ કરવા ઉપરાંત વિરોધ પક્ષોએ સંકેત આપ્યો છે કે, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ,

રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજે, છત્તીસગઢના મુખ્યમંત્રી રમણસિંહને આવરી લેતા વિવાદોને લઈને તેમના રાજીનામાની માંગ કરશે. વિદેશમંત્રી સુષ્મા સ્વરાજ આઈપીએલના પૂર્વ વડા લલિત મોદીની મદદ કરવા બદલ વિવાદના ઘેરામાં રહે તેવી શકયતા દેખાઈ રહી છે. બ્રિટનમાં પ્રવાસ દસ્તાવેજોને મુદ્દે મદદ કરવાનો વસુંધરા ઉપર આક્ષેપ કરવામાં આવી ચુક્યો છે. શૈક્ષણિક લાયકાતને લઈને માનવ સંશાધન વિકાસમંત્રી સ્મૃતિ ઈરાની પણ વિવાદના ઘેરામાં છે. બીજી બાજુ શાસક ભાજપ હિમાચલના મુખ્યમંત્રી વીરભદ્રસિંહના મુદ્દાને જોરદારરીતે ઉઠાવે તેવી શક્યતા દેખાઈ રહી છે.

ભાજપના જાણકાર લોકો પણ કહે છે કે, મોનસુન સત્ર તોફાની રહેશે. છેલ્લી લોકસભામાં સમગ્ર સેશન ટુજી કૌભાંડમાં સંયુક્ત સંસદીય સમિતિ માટેની વિપક્ષની માંગણીને લઈને ખોરવાઈ ગયું હતું. ભાજપના નેતૃત્વમાં એનડીએ લોકસભામાં બહુમતિ ધરાવે છે પરંતુ રાજ્ય સભામાં કોંગ્રેસ સૌથી મોટી પાર્ટી તરીકે છે. મહત્વપૂર્ણ બિલ જીએસટી અને જમીન બિલને લઈને હોબાળો થાય તેવી શક્યતા છે. મોનસુન સત્રમાં ૪૫ મુદ્દાઓ રહેલા છે જે પૈકી રાજ્યસભામાં નવ બિલ અને લોકસભામાં ચાર બિલ પેન્ડિંગ રહેલા છે. કુલ ૧૧ નવા બિલ રજૂ કરવામાં આવનાર છે. મોદી સરકાર વિપક્ષની વ્યુહરચનાનો કઈ રીતે સામનો કરે છે તે બાબત ઉપયોગી રહેશે. લોકસભામાં સરકાર બહમતિ ધરાવે છે પરંતુ રાજ્યસભામાં કોંગ્રેસની સ્થિતી મજબુત છે.

ગૃહની કામગીરીને પૂર્ણ ખોરવી નાંખવા મુદ્દે વિપક્ષ વિભાજિત

નવીદિલ્હી, તા.૨૦

સંસદનું મોનસુન સત્ર આવતીકાલથી શરૂ થઇ રહ્યું છે ત્યારે આ સત્ર તોફાની બને તેવા સંકેત દેખાઈ રહ્યા છે. વિરોધ પક્ષ કોંગ્રેસ ખુબ જ લડાયક મુડમાં છે. કલંકિત નેતાઓના રાજીનામાની માંગણી ઉપર કોંગ્રેસ પાર્ટી મક્કમ છે અને સરકારને ભીંસમાં લેવાના પ્રયાસ કરશે. જો કે, સંસદની કામગીરીને ખોરવી નાંખવાની કોંગ્રેસની ધમકીને લઈને વિરોધ પક્ષ વિભાજિત સ્થિતિમાં છે. કારણ કે પ્રધાનોના રાજીનામાનો ઈનકાર કર્યો છે. સંસદમાં જોરદાર આક્ષેપબાજીનો તખ્તો તૈયાર થઇ ચુક્યો છે. આજે યોજાયેલી સર્વપક્ષીય બેઠકમાં કોઈ વિવાદનો ઉકેલ આવ્યો ન હતો. વડાપ્રધાન મોદીએ તમામ મુદ્દા પર ચર્ચા કરવાની તૈયારી ચોક્કસપણે દર્શાવી હતી. જેડીયુના પ્રમુખ શરદ યાદવે કહ્યું હતું કે, સંસદની કામગીરીને ખોરવી નાંખવાને લઈને અમે કોઇ કારણ ઉપર પહોંચ્યા નથી. સંસદ ચાલે તેમ અમે ઈચ્છીએ છીએ. શરદ યાદવે ઉમેર્યું હતું કે, સરકાર ચર્ચા માટે રાજી થાય તે પણ જરૂરી છે. કોંગ્રેસના વલણ અંગે પૂછવામાં આવતા શરદ યાદવે આ પ્રકારની પ્રતિક્રિયા આપી હતી.

સમાજવાદી પાર્ટીના નેતા રામગોપાલ યાદવે સંસદની કામગીરી અંગે કોઇ સીધો જવાબ આપ્યો ન હતો અને કહ્યું હતું કે, સંસદની કામગીરીને લઈને અમે ખુબ જ ગંભીર છીએ.બીજી બાજુ ભાજપના વરિષ્ઠ નેતા વેંકૈયા નાયડુએ કહ્યું હતું કે, સરકાર તરફથી કોઈપણ કેન્દ્રીય મંત્રીએ કોઇ ગેરકાયદે કામ કર્યુ નથી જેથી છુપાવવા જેવી કોઈપણ વાત દેખાતી નથી. નાયડુએ કહ્યું છે કે, સંસદની કામગીરીને નહીં ચાલવા દેવાના કોંગ્રેસના વલણને ૨૯ વિરોધ પક્ષોએ ટેકો આપ્યો નથી. રામગોપાલ યાદવે કહ્યું હતું કે, જમીન બિલના મુદ્દાપર વડાપ્રધાને ચર્ચાની તૈયારી દર્શાવી છે. તેમણે ઉમેર્યું હતું કે, તમામ સૂચનો સાથે સહકાર સાથે આગળ વધવામાં આવે તે જરૂરી છે. કોંગ્રેસ નેતા અને વિપક્ષના નેતા ગુલામ નબી આઝાદે કહ્યું છે કે, કલંકિત પ્રધાનો રાજીનામા આપશેતો જ મોનસુન સત્રની કામગીરીને આગળ વધારવાની મંજુરી આપવામાં આવશે. ભ્રષ્ટાચારના મુદ્દા પર સરકાર ગંભીર દેખાતી નથી. આઝાદે કહ્યું હતું કે, વ્યાપમ કૌભાંડમાં જે મોત થયા છે તે મોત પાકિસ્તાનની આઈએસઆઈ દ્વારા કરાયા છે તેમ સરકાર માને છે. લલિત મોદી અને વ્યાપમ કૌભાંડ મુદ્દે સંસદમાં વડાપ્રધાન પાસેથી નિવેદનની માંગ કોંગ્રેસ દ્વારા કરવામાં આવી છે.

હાઉસિંગ ફોર ઓલ યોજના પર સંકટના વાદળો ઘેરાયા

નવીદિલ્હી,તા. ૨૦

નરેન્દ્ર મોદી સરકાર ૨૦૨૨ સુધી તમામ માટે આવાસની યોજના ધરાવે છે પરંતુ હાઉસિંગ ફોર ઓલના આ ટાર્ગેટને પૂર્ણ કરવા માટે માત્ર સાત વર્ષનો સમય રહી ગયો છે. આનો મતલબ એ થયો કે દરરોજ આશરે ૪૪૦૦૦ અથવા તો દર વર્ષે ૧.૬ કરોડ મકાન બનાવવામાં આવે તો જ આ ટાર્ગેટને હાંસલ કરી શકાશે. બિન સરકારી સંગઠન ઈન્ડિયાસ્પેન્ડ દ્વારા આ મહત્વકાંક્ષી ટાર્ગેટ આડે રહેલી અડચણોને ઓખળી કાઢવા માટેના પ્રયાસો કર્યા છે. જેની તરફ ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. દેશના બે મહાનગર દિલ્હી અને મુંબઈ દુનિયાના સૌથી મોટા ૧૦ મહાનગરમાં સામેલ છે. કોલકાતા ૨૦૩૦ સુધી દુનિયાના ૧૫ સૌથી મોટા શહેરોમાં સામેલ થશે. ૨૦૧૧ની વસતી ગણતરી મુજબ શહેરોમાં નવ લાખ લોકો ઘરવગરના છે. આની સાથે સાથે શહેરની ઝુંપડપટ્ટી વિસ્તારમાં ૬.૫ કરોડ લોકો રહે છે. સરકારી આંકડાના જણાવ્યા મુજબ શહેરોમાં જેટલા લોકોને મકાન જોઇએ તે પૈકી ૯૦ ટકા ગરીબ લોકો છે. કૃષિ ક્ષેત્રનો ઓછો વિકાસ દર રહેલો છે. આવી સ્થિતિ વચ્ચે ગામોમાંથી શહેરો તરફ મોટી સંખ્યામાં લોકો જઇ રહ્યા છે. એક રિપોર્ટ મુજબ ગામમાં આશરે ૬૭ કરોડ લોકો એવા છે જેમની દરરોજની આવક ૩૩ રૂપિયાથી ઓછી છે. ૨૦૩૧ સુધી શહેરોની વસતી ૬૦ કરોડ સુધી પહોંચી જશે જે ૨૦૧૧માં ૩૮ કરોડ હતી. શહેરી વસતીમાં ગામમાંથી આવેલા લોકોની સંખ્યા પણ ૩૫ ટકાની આસપાસ છે જે ખુબ વધારે છે. આજે શહેરોની આશરે ૧૭ ટકા અથવા તો ૬.૫ કરોડની વસતી ઝુંપડપટ્ટી વિસ્તરામાં રહે છે. મકાનોની અછતને દૂર કરવા માટે આશરે બે લાખ હેક્ટર જમીનની જરૂર પડશે. આના માટે કેટલાક નિષ્ણાતોની સલાહ છે કે, ઇમારતોની ઉંચાઈ વધારવામાં આવે તે જરૂરી છે.

નિફ્ટી વધુ ૭ પોઈન્ટ ઘટી ૮૬૦૩ની નીચી સપાટીએ

મુંબઇ,તા. ૨૦

શેરબજારમાં આજે પ્રોફિટ લેવાની સ્થિતિ રહી હતી. જેના કારણે કારોબારીઓ દિશાહિન દેખાયા હતા. સેંસેક્સ કારોબારના અંતે ૪૩ પોઈન્ટ ઘટીને ૨૮૪૨૦ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૭ પોઈન્ટ ઘટીને ૮૬૦૩ની સપાટીએ રહ્યો હતો. આઈટીની મહાકાય કંપની ઈન્ફોસીસના કમાણી આંકડા આવતીકાલે જારી કરવામાં આવનાર છે જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે. સંસદ સત્ર પણ આવતીકાલથી શરૂ થઇ રહ્યું છે જેને લઈને પણ શેરબજાર પર નજર રહેશે. મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં આજે ૦.૩ અને ૦.૪ ટકા વચ્ચેનો ઉછાળો નોંધાયો હતો. માર્કેટ બ્રીડ્થ હકારાત્મક રહી હતી. ૧૩૯૭ શેરમાં તેજી અને ૧૨૧૧ શેરમાં મંદી નોંધાઈ હતી. બીએસઈ રિયાલીટી ઈન્ડેક્સમાં સૌથી વધુ ઘટાડો નોંધાયો હતો. આ સેક્ટરલ ઈન્ડેક્સમાં ૧.૯ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો જ્યારે મેટલ અને બેંકેક્સમાં પણ ઘટાડો રહ્યો હતો. ઓઈલ એન્ડ ગેસ, હેલ્થકેર અને આઈટી ઈન્ડેક્સમાં પણ મંદીનું મોજુ ફરી વળ્યું હતું. એચડીએફસીમાં એક ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. તાતા મોટર્સમાં ૧.૯ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. એચયુએલમાં ૧.૨ ટકાનો ઘટાડો રહ્યો હતો. ઈન્ફોસીસમાં આવતીકાલે તેના પરિણામ જાહેર થયા તે પહેલા આજે ફ્લેટ કારોબાર રહ્યો હતો. ભારતી એરટેલમાં ૦.૭ ટકા અને એસીસીમાં ૨.૫ ટકાનો ઘટાડો રહ્યો હતો. જ્વેલરીના શેરમાં પણ ઉછાળો રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે શુક્રવારે તેજી રહી હતી અને રેંજ આધારિત કારોબાર રહ્યો હતો. આઈટીના શેરમાં જોરદાર તેજી જોવા મળી હતી. પસંદગીના બ્લુચીપના શેરમાં મંદી જોવા મળી હતી. બીજી બાજુ ખાનગી બેંકિંગ શેરમાં પણ મંદી જોવા મળી હતી. કારણ કે સરકારે કમ્પોઝિટ ફોરેન ઈન્વેસ્ટમેન્ટમાંથી બેંકોને દૂર રાખવાનો નિર્ણય કર્યો છે. શુક્રવારે કારોબારના અંતે સેંસેક્સ ૧૭ પોઈન્ટ સુધરીને ૨૮૪૬૩ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૮૬૧૦ની સપાટીએ રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૨ અને ૦.૪ ટકાનો ઉછાળો નોંધાયો હતો. દક્ષિણ પશ્ચિમ મોનસુન જુલાઈના પ્રથમ ૧૫ દિવસમાં સામાન્ય કરતા ૩૨ ટકા ઓછું રહ્યું છે. ખરીફ પાક વાવણી માટે આ મહિનાને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. મધ્ય અને દક્ષિણ ભારતના મોટાભાગના વિસ્તારોમાં સુખી સ્થિતિ રહી છે.

સરહદ પારથી ઘુસણખોરીને રોકવા વિશેષ રણનીતિ બની

નવીદિલ્હી,તા.૨૦

સરહદ પારથી ઘુસણખોરીને રોકવા માટે સુરક્ષા દળોએ નવી રણનીતિ બનાવી લીધી છે. તેમને એવી ગુપ્તચર માહિતી મળી છે કે, પાકિસ્તાની સેનાની એક ટુકડી વધુને વધુ પ્રમાણમાં ત્રાસવાદીઓને ભારતમાં ઘુસાડવાના પ્રયાસ કરી રહી છે. આ ઘુસણખોરીનો હેતુ તાજેતરમાં રશિયન શહેર ઉફામાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફના શાંતિ પ્રવાસોને નિષ્ફળ બનાવવાનો પણ રહેલો છે. સુરક્ષા દળોએ ત્રણ સ્તર પર પેટ્રોલિંગની પ્રક્રિયા માટેની રણનીતિ બનાવી છે જેમાંથી એક પેટ્રોલિંગ ટુકડી જુદી રીતે આગળ વધશે જ્યારે સુરક્ષા દળના જવાન સરહદ પર ઘુસણખોરી પર અંકુશ મુકવા માટે દિનમાં ચાર વખત વધારાની પેટ્રોલિંગ પ્રક્રિયા હાથ ધરશે. સાથે સાથે બીએસએફના જવાનો ઘુસણખોરીની ગતિવિધિ ઉપર નજર રાકવા માટે ઈન્ટરનેશનલ બોર્ડર ઉપર થર્મલ ઈમેજર અને ઈન્ફ્રારેટ કેમેરાનો ઉપયોગ કરી રહ્યા છે. એક અધિકારીએ કહ્યું છે કે, હાલની સિસ્ટમમાં એવી સુવિધાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે જેમાં બીએસએફના જવાન મોડેથી કેમેરા રેકોર્ડિંગને મોનિટર અને એનાલાઇઝ કરી શકશે. ઈન્ટીગ્રેટેડ બોર્ડર મેનેજમેન્ટ સિસ્ટમ સાથે લાગૂ કરવામાં આવેલી સરહદ ઉપર ઘુસણખોરીને રોકવાની ગતિવિધિને તીવ્ર બનાવી દેવામાં આવી છે. આ સિસ્ટમનો હેતુ આંતરરાષ્ટ્રીય સરહદ પર ઘુસણખોરીને રોકવા માટેનો રહેલો છે. થર્મલ ઈમેજિંગ, ફાઈયર ઓપ્ટીકલ કોમ્યુનિકેશન, રડાર સ્કેનર અને સેન્સર્સનો ઉપયોગ કરવામાં આવશે. ઈન્ટરનેશનલ સરહદ પર આઠ જગ્યાઓ ઉપર આને ગોઠવવામાં આવશે. બીએસએફના જવાન મુજબ ૨૦૧૪-૧૫માં ૪૧૦ વખત યુદ્ધવિરામનો ભંગ કરાયો છે. આ અગાઉ ૨૦૧૩માં જમ્મુ કાશ્મીરમાં ૧૪૮ વખત યુદ્ધવિરામનો ભંગ કરાયો હતો.

લોધા કમિટિના ચુકાદામાં ચાર સભ્ય અભ્યાસ કરશે

નવીદિલ્હી,તા. ૨૦

ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડે આઈપીએલ સટ્ટા કૌભાંડ અંગે જસ્ટિસ આરએમ લોધા કમિટિના

ચુકાદામાં અભ્યાસ કરવા ચાર સભ્યોની રચના કર્યા બાદ સભ્યોના નામની જાહેરાત કરી દીધી છે. બોર્ડના સેક્રેટરી અનુરાગ ઠાકુર, ખજાનચી અનુરુદ્ધ ચૌધરી, આઈપીએલના કમિશનર રાજીવ શુક્લા, ગવર્નિંગ કાઉન્સિલના સભ્ય સૌરવ ગાંગુલીની ગ્રુપના ભાગરુપે પસંદગી કરવામાં આવી છે. આ વર્કિંગ ગ્રુપને બીસીસીઆઈની કાયદાકીય ટુકડી મદદ કરશે. ઈન્ડિયન પ્રિમિયર લીગની ગવર્નિંગ કાઉન્સિલની બેઠક ગઈકાલે યોજાઈ હતી જેમાં આ મુદ્દે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી અને કમિટિ રચવાનો નિર્ણય કરાયો હતો.

હાલમાં રચવામનાં આવેલી ચાર સભ્યોની વર્કિંગ કમિટિ લોધા પેનલના ચુકાદામાં અભ્યાસ કરશે અને જરૂરી રુપરેખા તૈયાર કરશે. બીસીસીઆઈએ ગઈકાલે મુંબઈમાં યોજાયેલી તેમની બેઠક દરમિયાન વર્કિંગ કમિટિની રચના કરવાની જાહેરાત કરી હતી. લોધા કમિટિના આદેશને કઈરીતે અમલી બનાવવામાં આવે અને આઈપીએલને કઈ રીતે આગળ લઈ જવામાં આવે તેના ઉપર આ ગ્રુપ ભલામણ કરશે. કેટલી ટીમો અને કેટલા સીએસીના સભ્યો, સ્પોન્સરો, બ્રોડકાસ્ટરો, સ્ટેટ એશોશિએનને લઈને પણ નિર્ણય લેવામાં આવશે. અત્રે નોંધનીય છે કે, ચેન્નાઈ સુપર કિંગ્સ અને રાજસ્થાન રોયલ્સ ઉપર પ્રતિબંધ મુકવામાં આવી ચુક્યો છે. ટી-૨૦માં આ બંને ટીમ બે વર્ષ સુધી રમી શકનાર નથી. જ્યારે સટ્ટાની પ્રવૃત્તિ બદલ ચાવીરુપ અધિકારી ગુરુનાથ મયપ્પન અને રાજ કુંદ્રા ઉપર આજીવન પ્રતિબંધ મુકાયો છે. અત્રે નોંધનીય છે કે, આઈપીએલ-૬માં સટ્ટાબાજી અને સ્પોટ ફિક્સિંગનો મામલો સપાટી ઉપર આવ્યો હતો. સુપ્રીમ કોર્ટ દ્વારા નિમવામાં આવેલી લોધા કમિટિએ ૧૪મી જુલાઈના દિવસે ચેન્નાઈ સુપર અને રાજસ્થાન રોયલ્સ ઉપર બે વર્ષનો પ્રતિબંધ મુક્યો હતો. ગઈકાલે ગવર્નિંગ કાઉન્સિલની મહત્વપૂર્ણ બેઠક મળી હતી જેમાં લોધા કમિટિના ચુકાદાને માન આપવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

આરબીઆઈ વ્યાજના દરને યથાવત રાખે તેવી શક્યતા

મુંબઇ,તા. ૨૦

રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા ચોથી ઓગષ્ટના દિવસે જારી કરવામાં આવનાર તેની વર્ષ ૨૦૧૫-૧૬ માટેની ત્રીજી દ્વિમાસિક નાણાંકીય નિતી સમીક્ષામાં વ્યાજદરને યથાવત રાખે તેવી શક્યતા છે. કારણ કે વર્તમાન સમયમાં પરિબળો વ્યાજદરને ઘટાડી શકાય તેવા દેખાઈ રહ્યા નથી. એક અગ્રણી અખબાર દ્વારા કરવામાં ાવેલા પોલમાં મોટા ભાગના અર્થશાસ્ત્રીઓ એવા તારણ પર પહોંચી ગયા છે કે આરબીઆઈ આગામી મહિનામાં નિતી સમીક્ષા જારી કરતી વેળા તેના વ્યાજદરને યથાવત રાખશે. નવ નિષ્ણાંતો કહી ચુક્યા છે કે તેઓ માને છે કે આરબીઆઈ રેપો રેટને ૭.૨૫ ટકાના દરે યથાવત જાળવી રાખશે. હજુ સુધી આરબીઆઈના ગવર્નર કહેતા આવ્યા છે કે તેઓ હાલમાં રાહ જુઓની નિતી અપનાવવા માંગે છે. વર્ષ ૨૦૧૫ની શરૂઆત બાદથી આરબીઆઈ દ્વારા રેટમાં ૭૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરવામાં આવી ચુક્યો છે.

કેજરીવાલ સાથે મોડેથી ચર્ચા

નજીબ જંગ સાથે બસ્સીની વિસ્તારપૂર્વક વાતચીત થઇ

નવીદિલ્હી,તા.૨૦

દિલ્હી પોલીસ કમિશનર બીએસ બસ્સી આજે સવારે લેફ્ટી ગવર્નર નજીબજંગને મળ્યા હતા અને રાષ્ટ્રીય પાટનગરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ઉપર ચર્ચા વિચારણા કરી હતી. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સાથે પણ વાતચીત કરવામાં આવી હતી. જંગ સાથે બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતા બસ્સીએ કહ્યું હતું કે, એલજી સાથે આ રુટિન સાપ્તાહિક બેઠક હતી જેમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. દિલ્હીને વધુ યોગ્ય કઈ રીતે બનાવી શકાય તે અંગે પણ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. દિલ્હી પોલીસ પર હાલમાં કરવામાં આવી રહેલા હુમલા અંગે વાતચીત કરતા બસ્સીએ કહ્યું હતું કે, ટિકા ટિપ્પણીને હકારાત્મકરીતે લેવામાં આવે તે ખુબ જરૂરી છે. કોઈપણ વ્યક્તિગતના બદલે વ્યવસ્થા પ્રત્યે પોલીસ જવાબદાર રહે તે અતિજરૂરી છે. પોલીસ હંમેશા વ્યવસ્થા પ્રત્યે જવાબદાર રહી છે. કોઈ વ્યક્તિગતને મહત્વ આપવામાં આવતું નથી. અમે સરકારને જવાબ આપવા માટે બંધાયેલા છે.

ટીમના હોકી કોચ પોલ વાનની અંતે હકાલપટ્ટી

નવીદિલ્હી, તા. ૨૦

ભારતની પુરુષોની રાષ્ટ્રીય હોકી ટીમના મુખ્ય કોચ તરીકે પોલવાન એસની હકાલપટ્ટી કરી દેવામાં આવી છે. હોકી ઈન્ડિયા દ્વારા તેમની હકાલપટ્ટી કરવામાં આવી છે. પત્રકારો સાથે વાતચીત કરતા આ અહેવાલને અધિકારીઓએ પણ સમર્થન આપ્યું હતું. જવાબદારી સંભાળ્યાના પાંચ મહિનાના ગાળાની અંદર જ હકાલપટ્ટી કરી દેવામાં આવી છે. વર્ષ ૨૦૧૬ની ઓલિમ્પિક રમતોત્સવ માટેની તૈયારીઓને લઈને હાલમાં ચર્ચાનો દોર ચાલી રહ્યો હતો. નેધરલેન્ડના આ વ્યક્તિની સતત ગેરહાજરીના કારણે ભારતીય ખેલાડીઓ, પૂર્વ ખેલાડીઓમાં ચિંતાનું મોજુ ફરી વળ્યુ હતું. રાષ્ટ્રીય ટીમના કેમ્પ માટે પણ તે સમયસર પહોંચી શક્યા ન હતા. રવિવારના દિવસે હિમાચલ પ્રદેશમાં કેમ્પની શરૂઆત થઇ હતી. આખરે તેમની હકાલપટ્ટી કરી દેવામાં આવી છે. હોકી ઈન્ડિયાના પ્રમુખ નરેન્દ્ર બત્રા સાથે તેમની જાહેરમાં બોલાચાલી પણ થઇ હતી. વર્લ્ડલીગની સેમિફાઈનલ મેચમાં મલેશિયા સામે ક્વાર્ટર ફાઈનલ મેચ બાદ હોકી ઈન્ડિયા પ્રમુખ સાથે તેમની બોલાચાલી થઈ હતી. અહેવાલમાં જણાવવામાં આવ્યુંહતું કે, મેચ બાદ બત્રા ખેલાડીઓના મેદાનમાં પ્રવેશી ગયા હતા અને ખેલાડીઓ સાથે વાતચીત કરી હતી તે દરમિયાન પોલ વાને દરમિયાનગીરી કરી હતી અને મેદાન પરથી જતા રહેવા બત્રાને કહ્યું હતું.

વિચારયાત્રા (પાના નં. ૪ નું ચાલુ)

પરંતુ જે સુખ છે તો પણ સુખી છે અને દુઃખ છે તો પણ સુખી છે, તે આનંદમાં પ્રવેશી જાય છે. પણ ભાઈ! આવી સ્થિતિનો કોઇ તો વિરલ વ્યક્તિ જ પ્રાપ્ત કરી શકે... સ્થિતપ્રજ્ઞ બનવાનું મારું કે તમારું કામ નથી યાર!

સો વાતની એક વાત કે પૈસાદાર હોવાથી સુખી નથી થવાતું અને ગરીબ હોવાથી દુઃખી. ધન પાસે સુખ પણ નથી પણ પોતાને મનગમતું દુઃખ પસંદ કરી શકાય છે. ખરેખર સુખદુઃખ મહત્ત્વના નથી. પસંદગી મહત્ત્વની છે. ગરીબ માણસ જે દુઃખ ઇચ્છે તેને પસંદગીનું દુઃખ મેળવી શકે છે એટલે કે અમીર અને ગરીબના દુઃખમાં બહુ ફરક નથી... પસંદગીમાં ફરક હોય છે.

તો એવું છે કે - દુઃખમાં હોઈએ ત્યારે ગીતાના અધ્યાય જેટલા સમજમાં આવે છે, તેટલા સુખમાં નથી આવતા... આ ભેદ મટી જાય તો સુખદુઃખનું ચક્ર પણ મટી જાય.

૨૦૧૪માં રેલવે અકસ્માતમાં ૨૫૦૦૦ લોકોના થયેલા મોત

નવી દિલ્હી,તા. ૨૦

વર્ષ ૨૦૧૪માં રેલવે અકસ્માતોની સંખ્યા ઓછી રહી છે. રેલવે એકસ્માતોની સંખ્યામાં ઘટાડો થયો હોવા છતાં આ રેલવે અકસ્માતોમાં ૨૫૦૦૬ લોકોના મોત થયા છે. જયારે રેલવે અકસ્માતોમાં ઘાયલ થયેલા લોકોની સંખ્યા ૩૮૮૨ નોંધાઇ છે. નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યુરોના જણાવ્યા મુજબ વર્ષ ૨૦૧૪માં રેલવે એકસ્માતોના ૨૮૩૬૦ મામલા દાખલ કરવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૧૩ની સરખામણીમાં રેલવે અકસ્માતોની સંખ્યામાં ૯.૨ ટકાનો ઘટાડો થયો છે. વર્ષ ૨૦૧૩માં રેલવે અકસ્માતના ૩૧૨૩૬ મામલા દાખલ કરવામાં આવ્યા હતા. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે મોટા ભાગના મામલા અથવા તો ૬૧.૬ ટકા મામલા ટ્રેનમાંથી પડી જવાના અથવા તો ટ્રેક પર સકંજામાં આવી જવાના રહ્યા છે. કુલ ૨૮૩૬૦ મામલા પૈકી ૧૭૪૮૦ મામલા એવા જ નોંધાયા છે. દુર્ઘટનાના મામલે મહારાષ્ટ્ર પ્રથમ સ્થાન પર છે. ટ્રેનમાંથી પડી જવાના અથવા તો ટક્કરના કુલ બનાવોમાં ૪૨.૫ ટકા મામલા આ જ રાજ્યમાં બન્યા છે.

રેલવેના એક અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે આ પ્રકારના મોટા ભાગના મામલા શહેરના બહારના વિસ્તારમાં બન્યા છે. તેમણે કહ્યુ હતું કે લોકોને રેલવે ટ્રેક પરથી પસાર થવાના સંબંધમાં માહિતી આપવામાં આવી રહી છે. તેમને જાગૃત કરવામાં આવી રહ્યા છે. આવા બનાવોને ઘટાડી શકાય તે દિશામાં પગલા લેવામાં આવી રહ્યા છે. આંધ્રપ્રદેશમાં ૪૬૯ રેલવે અકસ્માત ટેકનિકલ ખામીના કારણે થયા હોવાની વિગત સપાટી પર આવી છે. જેમાં ૩૮૫ લોકોના મોત થયા છે. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે આશરે ૬૦ અકસ્માતો ડ્રાઇવરની ભુલની કારણે પણ થયા છે.

અતીતથી આજ (પાના નં. ૪ નું ચાલુ)

સુદર્શનજીની મુલાકાત લેનાર 'ઝી ટીવી'ના પત્રકારના કલ્યાણ સિંહની ઘરવાપસી અંગેના પ્રશ્નનો ઉત્તર કાંઈક આવો હતોઃ 'કલ્યાણ સિંહને જે કારણે (પક્ષમાંથી) તગેડવામાં આવ્યા છે મને નથી લાગતું કે બીજેપી એમને પાછા લેશે.' પક્ષની શિસ્ત તોડનારા કલ્યાણ સિંહને વડા પ્રધાનપદના ઉમેદવાર તરીકે મોદીએ પક્ષમાં પાછા લીધા એની પાછળ તેમની ઉત્તર પ્રદેશમાં જીતવાની અપેક્ષા જ હતી. મોદીનો એ વ્યૂહ સફળ રહ્યો, પણ જીત્યા પછી કલ્યાણ સિંહને બીજા વરિષ્ઠ ભાજપી નેતાઓની જેમ જ એમણે બાજુએ સારવાનું જ પસંદ કર્યું છે.

સંઘ પરિવારની ભૂમિકા 'વંદે માતરમ્'ને રાષ્ટ્રગીત તરીકે સ્વીકૃતિ અપાવવાની રહી છે. બંકિમચંદ્ર ચેટરજીની નવલકથા 'આનંદમઠ'માં 'વંદે માતરમ્' સામેલ છે અને એ સંઘની શાખાઓમાં આખું ગવાય છે. ૧૯૯૯માં 'વંદે માતરમ્'ની શતાબ્દીની સંઘે ઉજવણી કરી હતી. એ વેળા ઉત્તર પ્રદેશમાં ભાજપના નેતા કલ્યાણ સિંહની સરકાર હતી. 'વંદે માતરમ્'ના શતાબ્દી વર્ષમાં જ શાળાઓમાં 'વંદે માતરમ્' અને 'સરસ્વતીવંદના'નું ગાન ફરજિયાત કરાયા અંગે વિવાદ થયો હતો. કલ્યાણ સિંહ સરકારના શિક્ષણ પ્રધાન રવીન્દ્ર શુક્લાએ એ વેળા નિવેદન કર્યું હતું કે માયાવતી બહુજન સમાજ પાર્ટી અને ભાજપની સંયુક્ત સરકારનાં મુખ્યમંત્રી હતાં ત્યારથી 'વંદે માતરમ્'ને રાજ્યની શાળાઓમાં ફરજિયાત બનાવવાનો આદેશ બહાર પડાયો હતો.

(ક્રમશઃ)

મનના ઉમંગો (પાના નં. ૪ નું ચાલુ)

કયાં છે?

જાંબુડાના ઝાડ પર લટકતો
લીલો લીલો મારો સૂરજ કયાં છે?
કયાં છે મારા ખેતર ખૂણાના કૂવામાં
કબૂતરાંની પાંખો પર સૂતેલો
ભોળો ભોળો અંધકાર?
પ્રભાત પંખીના પગલાંની લિપિમાં
આળખેલો
ડુંગર ફરતો, ચકરાતો એ ચીલો કયાં છે?
કયાં છે મારી પથ્થર વચ્ચે
પાણી લઈને વહેતી
શમણા જેવી નદી?
વનપરીના નાનકડા ખોબા જેવી તરંગની
આંગળીઓ વચ્ચે
પવન રમાડતી
પેલી મારી તલાવડી કયાં છે?
કયાં છે મારું ટેકરીઓનું ગામ,
ગામનું ઘર, ઘરની કોઢ, કોઢમાં
અંધારાની કાળી ગાયને દૂહોતી મારી બા?
કયાં છે...

- જયંત પાઠક